# શહેરમાં કોરોનાના વિક્રમી ટેસ્ટ

**શહેરમાં કોરોનાના ૧૬ કેસ નોંધાયા : આજે સે. ૩ માંથી ૩ કેસ, સે. ૪ માંથી ૨ અને સે. ૭ માંથી ૨ કેસ ઉપરાંત સે. ૨, સે. ૧૨, સે. ૧૩, સે. ૧૪, સે. ૨૮, સે. ૫, સે. ૨૬, સે. ૨૦ અને સે. ૨૧ માંથી કેસો મળી આવ્યા**

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર શહેરમાંથી આજે કોરોનાના વધુ ૧૬ કેસ મળી આવ્યા છે. શહેરમાં આજે મનપાની ટીમો દ્વારા વિક્રમી ટેસ્ટ પણ કરવામાં આવ્યા હતા. ૫૫૦ જેટલા ટેસ્ટ એક જ દિવસમાં કરી તંત્રએ એકદમ આક્રમકતા સાથે કોરોના સામે જંગ માંડ્યો છે.

આજે મળી આવેલા ૧૬ કેસની સાથે ગાંધીનગરમાં ૮૮૧ પર કેસની સંખ્યા પહોંચી છે. જે ગતિએ કેસોની સંખ્યા વધી રહી છે તે જોતાં આગામી સપ્તાહમાં કેસોની સંખ્યા એક હજાર પર પહોંચશે તેમ મનાઈ રહ્યું છે.

આજે સે. ૩ માંથી ૩ કેસ, સે. ૪ માંથી ૨ અને સે. ૭ માંથી ૨ કેસ ઉપરાંત સે. ૨, સે. ૧૨, સે. ૧૩, સે. ૧૪, સે. ૨૮, સે. ૫, સે. ૨૬, સે. ૨૦ અને સે. ૨૧ માંથી કેસો મળી આવ્યા છે.

આજે નોંધાયેલા કેસોમાં ૭ મહિલા દર્દીઓ હોવાથી તંત્રની ચિંતામાં વધારો થયો છે. શહેરમાં હોમ આઈસોલેશન હેઠળ ૭૦ થી વધારે દર્દીઓ હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે સે. ૨ માંથી એક ૬૯ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ગૃહીણીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૧૨ માં રહેતા અને સચિવાલય ખાતે નાયબ કાર્યપાલક ઈજનેર તરીકે ફરજો બજાવતા ૪૨ વર્ષીય અધિકારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૧૩ માંથી એક ૬૫ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ગૃહીણીને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે.

ખાનગી કોન્યુનિકેશન કંપનીના એચ.આર. ડિપાર્ટમેન્ટમાં નોકરી કરતા અને સે. ૧૪ માં રહેતા એક ૫૬ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૨૮ માંથી એક ૭૫ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ગૃહીણીને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે.

અમદાવાદ ખાતે ઈન્કમટેક્ષ ડિપાર્ટમેન્ટમાં નોકરી કરતા અને સે. ૫ માં રહેતા એક ૪૬ વર્ષીય અધિકારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમણે પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. કોરોના માટે સંવેદનશીલ બની રહેલા સે. ૪ માંથી આજે બે કેસ મળી આવ્યા છે જેને લઈ તંત્રની ચિંતા વધી છે.

● અનુસંધાન પાન-૭ પર

## ગ્રામ્ય વિસ્તારમાં વધુ ૨૦ કેસ

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના વધુ ૨૦ કેસ મળી આવ્યા છે. ગ્રામીણ વિસ્તારમાં વધતા જતા સંક્રમણને લઈ તંત્રની ચિંતામાં વધારો થવા પામ્યો છે.

મળતી વિગતો પ્રમાણે આજે ગાંધીનગરમાં ૧૩, દહેગામમાં ૩, માણસામાં બે અને કલોલમાંથી બે કેસ મળી આવ્યા છે.

**ગાંધીનગર તાલુકામાં ૧૩, દહેગામમાં ૩ અને માણસા-કલોલમાં ૨-૨ કેસ નોંધાયા**

ગાંધીનગર તાલુકાના વાવોલ ગામેથી આજે ૬૬ વર્ષીય પુરૂષ, શિહોલી મોટી ગામેથી ૩૫ વર્ષીય યુવક, મહુન્દ્રા ગામેથી ૩૫ વર્ષીય યુવક, અડાલજમાંથી ૪૦ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

પ્રાંતિયા ગામેથી આજે વધુ બે કેસ મળી આવતાં તંત્રની ચિંતામાં વધારો થયો છે. પ્રાંતિયામાંથી આજે ૨૯ વર્ષીય યુવક અને ૨૭ વર્ષીય યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. હોટસ્પોટ બનેલા કુડાસણમાંથી પણ આજે વધુ બે કેસ મળી આવ્યા છે. જેમાં એક ૫૨ વર્ષીય મહિલા અને ૩૩ વર્ષના યુવકનો સમાવેશ થાય છે. રાયસણમાંથી આજે ૩ કેસ મળ્યા છે જેને લઈ તંત્રની ઉંઘ ઉડી જવા પામી છે. રાયસણમાંથી ૬૬ વર્ષીય મહિલા, ૪૭ વર્ષીય પુરૂષ અને ૨૬ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સરગાસણમાંથી પણ આજે વધુ બે કેસ મળ્યા છે. જેમાં ૮૦ વર્ષના વૃદ્ધ અને ૭૦ વર્ષીય વૃદ્ધાનો સમાવેશ થાય છે.

દહેગામ તાલુકામાંના ગ્રામ્ય વિસ્તારમાંથી એક અને અર્બન વિસ્તારમાંથી બે કેસ મળી આવ્યા છે. બહિયલ ગામેથી ૬૦ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે જ્યારે અર્બન વિસ્તારમાંથી આજે ૪૫ વર્ષીય પુરૂષ અને ૪૬ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તંત્ર દ્વારા દહેગામમાં સર્વેલન્સ સઘન બનાવવાની સાથે ટેસ્ટીંગની સંખ્યામાં પણ વધારો કર્યો છે.

માણસા તાલુકામાંથી પણ આજે બે કેસ મળી આવ્યા છે. જેમાં એક કેસ ગ્રામ્ય વિસ્તારમાંથી અને એક કેસ અર્બન વિસ્તારમાંથી મળી આવેલ છે.

તાલુકાના બોરૂ ગામેથી ૨૪ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જ્યારે અર્બન વિસ્તારમાંથી ૫૯ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

કલોલ તાલુકામાંથી પણ આજે વધુ બે કેસ મળી આવ્યા છે. બન્ને કેસ ગ્રામ્ય વિસ્તારમાંથી મળી આવ્યા છે. તાલુકાના પલસાણા ગામેથી ૭૦ વર્ષીય વૃદ્ધ અને ધમાસણા ગામેથી ૭૫ વર્ષીય વૃદ્ધાનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. જિલ્લા આરોગ્યતંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે વધુ ૧૬ દર્દીઓ રિકવર થતાં તેમને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે જિલ્લામાંથી આજ સુધી ૧૪૨૮ દર્દીઓ કોરોના મુક્ત થયા છે.

જિલ્લાતંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે જિલ્લામાં ૧૬૪ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જિલ્લામાં આજે ૧૮,૩૦૧ લોકોને ક્વોરેન્ટાઈન કરવામાં આવ્યા છે.



ચ-૩ સર્કલ પાસે ખુલ્લી ગટર ભયરૂપ બની રહી છે. છેલ્લા ઘણા સમયથી ગટરનું ઢાંકણું ન હોવાથી રાત્રીના સમયે અહીંથી નીકળતા ખુબ ધ્યાન રાખવું પડે એમ છે.

## સચિવાલયમાં ૫૯૪ કર્મયોગીઓના સ્ક્રીનીંગ અને રેપીડ એન્ટીજન ટેસ્ટ કરાયો

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર જિલ્લા અને મહાનગરપાલિકાના સંયુક્ત ઉપક્રમે સચિવાલયના અધિકારીઓ અને કર્મયોગીઓના કોરોના અંતર્ગત સ્ક્રીનીંગ અને કોરોના માટેનો રેપીડ એન્ટીજન ટેસ્ટની કામગીરી કરવામાં આવી રહી છે. આજે સચિવાલય ખાતે વિધાનસભા અને બ્લોક નંબર – ૨ ના વિવિધ વિભાગના ૫૯૪ કર્મયોગીઓનું સ્ક્રીનીંગ કરવામાં આવ્યું હતું, તેવું મહાનગર પાલિકાના આરોગ્ય અધિકારી શ્રી કલ્પેશ ગોસ્વામીએ જણાવ્યું છે.

ગાંધીનગર મહાનગરપાલિકાના આરોગ્ય અધિકારી ડૉ. કલ્પેશ ગોસ્વામીએ વધુમાં જણાવ્યું છે કે, ગાંધીનગરમાં આવેલા સચિવાલય ખાતે હાલની કોરોનાની મહામારીને જોતાં સચિવાલયમાં ફરજ બજાવતા તમામ અધિકારીશ્રીઓ અને કર્મચારીશ્રીઓની કોરોના અંતર્ગત



સ્ક્રીનીંગની કામગીરી જિલ્લા તથા કોર્પોરેશનની કુલ ૧૨ ટીમો દ્વારા તા.૩૧.૮.૨૦ ના રોજથી હાથ ધરવામાં આવી છે.

આજરોજ સચિવાલય સંકુલમાં આવેલા વિધાનસભાના ૩૦૪ અધિકારીઓ અને કર્મચારીઓનું સ્ક્રીનીંગ અને રેપીડ એન્ટીજન ટેસ્ટ કરવામાં આવ્યો હતો. તે ઉપરાંત બ્લોક નંબર – ૨ માં બેસતા માહિતી અને પ્રસારણ વિભાગના ૧૧, બંદર અને વાહન વ્યવહાર વિભાગના ૪૮, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગમાં ૩૮ તથા ગૃહ વિભાગના ૧૯૩ અધિકારીઓ અને કર્મચારીઓનું સ્ક્રીનીંગ અને રેપીડ એન્ટીજન ટેસ્ટ કરવામાં આવ્યો હતો. અત્યાર સુધી કુલ- ૧૮૯૮ કમર્યોગીઓનું સ્ક્રીનીંગ અને કોરોના માટેનો રેપીડ એન્ટીજન ટેસ્ટ કરવામાં આવ્યો છે. સચિવાલયના તમામ કર્મચારીઓને આવરી શકાય તે માટે આ કામગીરી તા.૧૩મી સુધી ચાલુ રાખવામાં આવશે.

## જિલ્લા પંચાયતમાં સતત બીજે મહિને પણ કર્મચારીઓનો પગાર અટવાયો

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં સતત બીજા મહિને પણ ચાર શાખાના કર્મચારીઓનો પગાર ગ્રાન્ટના અભાવે અટકી પડતાં તંત્રમાં નિરાશાનું મોજુ પ્રસરી જવા પામ્યુ છે.

મળતી વિગતો પ્રમાણે આરોગ્ય શાખા, હિસાબી શાખા, બાંધકામ શાખા તેમજ મહેકમ શાખાના કર્મચારીઓ આ મહિને પણ પગારથી વંચિત રહેવા પામ્યા છે.

ગત મહિને ૧૫ તારીખે પગાર થયો હતો તે પણ માઈનસ ગ્રાન્ટમાંથી સત્તા વાપરીને કરાયો હતો. આ પછી તંત્રના અધિકારીઓ સરકારમાંથી જરૂરી ગ્રાન્ટ મેળવવાના પ્રયત્નો કર્યા નથી અથવા તો નિષ્ફળ જતાં આ વખતે પણ કર્મચારીઓની હાલત કફોડી બની છે.

લોન લેનાર કર્મચારીઓને હપ્તો સમયસર ન ભરતાં દંડનીય વ્યાજ ભરવાની સ્થિતિ ઉભી થઈ છે.

પાટનગરની જિલ્લા પંચાયત જ તેના વિભાગની ઉચ્ચ કચેરીઓમાંથી ગ્રાન્ટ મેળવવામાં નિષ્ફળ રહી છે તેજ બતાવે છે કે સરકારના વિભાગોમાં સંકલન નથી. તંત્રના અધિકારીઓ અસરકારક રજુઆત કરવામાં નિષ્ફળ પુરવાર થયાની છાપ વચ્ચે આજે મધ્યમવર્ગીય કર્મચારીનું બજેટ ખોરવાયુ છે.

● અનુસંધાન પાન-૭ પર

## ટી.પી. ૯ ની બે કન્સ્ટ્રક્શન સાઈટને ૧૫ હજારનો દંડ

**સાઈટ પર શ્રમિકો પણ બિમાર હાલતમાં મળ્યા : તંત્ર દ્વારા બે દિવસમાં ૬૭ હજારનો દંડ વસુલાયો**

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર શહેર નજીક વિકાસ પામી રહેલ ટી.પી. ૯ ની વિવિધ કન્સ્ટ્રક્શન સાઈટો પર આજે જિલ્લાના મેલેરીયાતંત્રની ટીમો ત્રાટકી હતી અને આજે વધુ રૂ. ૨૨,૫૦૦નો દંડ વસુલ્યો છે.

જિલ્લા મેલેરિયા તંત્ર દ્વારા આ વખતે આક્રમક વલણ અપનાવવામાં આવતાં બિલ્ડર લોબીમાં પણ ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

મળતી વિગતો પ્રમાણે ટી.પી. ૯ માં કાર્યરત મેઘ-મલ્હાર કન્સ્ટ્રક્શન સાઈટ પર આજે તંત્રની ટીમ ત્રાટકી ત્યારે ત્યાંથી પુષ્કળ પ્રમાણમાં મચ્છરોના બ્રિડીંગ મળી આવ્યા હતા. આ સાઈટના સંચાલકને અગાઉ વારંવાર નોટીસ આપ્યા પછી પણ મચ્છરોની ઉત્પત્તિ અટકાવવાના પગલાં ન લેવાતાં આજે તંત્રની ટીમ દ્વારા રૂ. ૧૦ હજારનો દંડ વસુલવામાં આવ્યો છે. તંત્રની તપાસ દરમ્યાન

● અનુસંધાન પાન-૭ પર

## મોદીના ડ્રીમ સિટી ધોલેરામાં બે વર્ષમાં બે લાખ લોકોને વસાવવાનું આયોજન

**એક એવું સિટી જ્યાં ઉચ્ચ ટેકનોલોજીથી છલોછલ સુવિધાઓ મળી રહેશે, દૂરસંચાર માટેની માહિતી પૂરી કરવા માટે વિસ્તૃત અને અત્યંત સુરક્ષિત વિશાળ આઈસીટી (ICT) નેટવર્ક નાખવામાં આવશે**

ગાંધીનગર, તા. ૪

ગુજરાતનું ધોલેરા સિટી વડાપ્રધાન નરેન્દ્ર મોદીની દેખરેખ હેઠળ ડેવલપ થઈ રહ્યું છે. આ એક એક એવું સિટી છે કે જ્યાં પ્રથમ તબક્કામાં સવા લાખ કરોડ રૂપિયાનું ઈન્વેસ્ટમેન્ટ થવાનું છે. અમદાવાદને દરિયાકિનારાનું એક અદ્દભૂત અને લેટેસ્ટ ટેકનોલોજી સાથેનું સ્માર્ટ સિટી મળશે. સીએમઓના અનુમાન પ્રમાણે ૨૦૨૨ સુધીમાં આ સિટીમાં બે લાખ કરતાં વધુ લોકોનો વસવાટ હશે.

કેન્દ્ર સરકારે ગ્રીનફિલ્ડ સ્માર્ટ સિટીનો દરજ્જો આપીને ધોલેરાને દેશને ઉત્તમ શહેર તરીકે વિકસાવવાનું નક્કી કર્યું છે. આ નરેન્દ્ર મોદીનો ડ્રીમ પ્રોજેક્ટ છે. દિલ્હી મુંબઈ ઈન્ડ્રસ્ટીયલ કોરીડોર ડેવલપમેન્ટ કોર્પોરેશન અને ધોલેરા સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રિજીનલ ડેવલપમેન્ટ ઓથોરીટીના સંયુક્ત ઉપક્રમે ધોલેરા ગ્રીન ફિલ્ડ ઔદ્યોગિક ટાઉનશીપ પ્રમોટ કરવામાં આવી છે.

સીએમઓના સૂત્રોએ કહ્યું હતું કે માહિતી અને સંચાર ટેકનોલોજીથી સજ્જ એવા ધોલેરામાં સિંગાપોર અને લંડન જેવા શહેરોનું અનુકરણ કરીને ડિઝાઈન તૈયાર કરવામાં આવી છે. સિટી ઈન્ટીગ્રેટેડ ઓપરેશન સેન્ટર (ICT) શહેરની સામાન્ય અને અસામાન્ય પરિસ્થિતિમાં સંકલિત કામગીરી જેવી કે સલામતી અને સુરક્ષા, અસરકારક ટ્રાફિક મેનેજમેન્ટ, શહેર ઈન્ફ્રાસ્ટ્રક્ચર (પાણી,

● અનુસંધાન પાન-૭ પર

## આજે ગુજકેટનુ પરિણામ

ગાંધીનગર તા ૪

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલી ગુજકેટની પરીક્ષાનુ આજે પરિણામ જાહેર કરાશે શિક્ષણ બોર્ડ દ્વારા સવારે ૮ કલાકે બોર્ડની વેબસાઈટ પર પરિણામ મુકવામાં આવશે. ગાંધીનગર જિલ્લામાથી પણ ૫ હજારથી વધુ વિદ્યાર્થીઓએ ગુજકેટની પરીક્ષા આપી હતી.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલી ગુજકેટની પરીક્ષાનુ આજે પરિણામ જાહેર કરાશે. બોર્ડની વેબસાઈટ પર સવારે ૮ કલાકે પરિણામ જાહેર કરાશે. શિક્ષણ બોર્ડના પરીક્ષા નિયામક જે જી પંડયાએ આ અંગે જણાંવ્યા મુજબ ગુજકેટની પરિણામ તા ૫ સપ્ટેમ્બરના રોજ સવારે ૮ કલાકે જાહેર કરાશે.

ગાંધીનગર જિલ્લામાંથી પણ ૫ હજાર થી વધુ વિદ્યાર્થીઓએ ગુજકેટની પરીક્ષા આપી હતી. ગજરાત કોમન એન્ટ્રન્સ ટેસ્ટ ગુજકેટ ૨૦૨૦ની માર્કશીટનુ વિતરણ ઓગષ્ટ ૨૦૨૦ની પુરક પરીક્ષાના પરિણામ સાથ કરવામાં આવશે. જયારે આ અંગેની તારીખ હવે પછી જાહેર કરવામાં આવશે. ઉમેદવારોને ગુજકેટની તમના વિષયની ઓ એમ આર ની ઝેરોક્ષ મેળવવી હોય તો તેના માટેની વિગતો બોર્ડ દ્વારા ટુંક સમયમાં પ્રસિધ્ધ કરવામાં આવશે. તેમણે વધુમાં જણાંવ્યા મુજબ ગુજરાત બોર્ડ સિવાયના અન્ય ઉમેદવારોની ગુજકેટની માર્કશીટ ટપાલ દ્વારા મોકલવામાં આવશે.

## આજની સી. આર. પાટીલની કારરેલી મોકુફ

ગાંધીનગર, તા.૪

મોડીરાત્રે મળતી માહિતી મુજબ ભાજપના નવનિયુક્ત પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલના ગાંધીનગરના પ્રવાસ દરમિયાન આજે અર્થાત તા. ૫મીને શનિવારના રોજ સવારે ૮ વાગે ગાંધીનગરથી ચિલોડા સુધી યોજાનાર કાર રેલી અનિવાર્ય કારણોસર મોકુફ રખાઈ છે

**શ્રદ્ધાંજલી**



**સહયોગ મંડળના પ્રમુખશ્રી બેચરભાઈ પ્રજાપતિનો સ્વર્ગવાસ થયેલ છે. સહયોગ મંડળ પરિવાર તેમના આત્માને શાંતિ અર્થે તા. ૪-૯-૨૦૨૦ના રોજ સેક્ટર-૬ના બગીચામાં પ્રાર્થના સભા કરી શ્રદ્ધાંજલી આપેલ છે.**

**સમસ્ત સહયોગ મંડળ પરિવાર, ગાંધીનગર**

**ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટીચર એજ્યુકેશન, ગુજરાત**
(A State Public University established by Government of Gujarat)
ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન, ગુજરાત

આઈ.આઈ.ટી.ઈ. ખાતે બી.એસ.સી.બી.એડ./બી.એ.બી.એડ. (સ્પેશ્યલ એજ્યુકેશન ) માટે સ્પેશ્યલ લર્નિંગ ડિસેબિલિટી વિષયમાં લાયકાત ધરાવતા ઉમેદવારોની હંગામી / કરાર આધારિત નિયુક્તિ કરવાની છે.ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ : 14/09/2020 છે. અન્ય આનુષાંગિક માહિતી અને અરજીપત્રક માટે સંસ્થાની વેબસાઈટwww.iite.ac.inની મુલાકાત લેવી.

સ્થળ : ગાંધીનગર
તારીખ : 04/9/2020
રજીસ્ટ્રાર

**ગુજકોમાસોલ**

**ટેન્ડર નોટીસ**

આથી રસ ધરાવતા સરકાર માન્ય સિવિલ કોન્ટ્રાક્ટરોને જણાવવાનું કે, ગુજરાત સ્ટેટ કો-ઓપ. માર્કેટીંગ ફેડરેશન લિ. (ગુજકોમાસોલ) ની માલિકીની નીચે જણાવેલ કામના બાંધકામ માટે પર્સન્ટેજ રેઈટ ટેન્ડરો મંગાવવામાં આવે છે.

| અ.નં. | કામનું નામ | અંદાજીત કિંમત | બાનાની રકમ રૂા. | સરકાર માન્ય ક્લાસ |
|---|---|---|---|---|
| ૧ | ન્યુ ઓફિસ બિલ્ડીંગ ઓફ ગુજકોમાસોલ એટ ગાંધીનગર | ૮૦૬.૫૪ લાખ | ૮,૦૭,૦૦૦/- | 'એએ' ક્લાસ અને સ્પેશિયલ બિલ્ડીંગ કેટેગરી-૧ |

આ ટેન્ડરોની નકલ અમારા આર્કિટેક શ્રી કન્સેપ્ટ આર્કિટેક્ટ એન્ડ કન્સલ્ટન્સી (મો.નં.૯૬૩૮૬૦૯૨૪૨) પાસેથી નીચે જણાવેલ સરનામે રજા સિવાયના દિવસે સવારના ૧૧-૦૦ થી સાંજના ૪-૦૦ વાગ્યા દરમ્યાન ટેન્ડર ફીના રૂા.૧૨,૦૦૦/- (નોન રીફંડેબલ) આપીને તા. ૧૫-૯-૨૦૨૦ સુધીમાં લઈ જવા અને ભરેલ ટેન્ડર તા.૨૬-૯-૨૦૨૦ સુધીમાં શીલબંધ કવરમાં રજી. પોસ્ટ એ.ડી.થી નીચે જણાવેલ ગુજકોમાસોલની ઓફિસમાં રજા સિવાયના દિવસે સાંજના ૫-૦૦ વાગ્યા સુધીમાં પરત મોકલવા.

ચીફ એક્ઝીક્યુટીવ
**ગુજરાત સ્ટેટ કો-ઓ. માર્કેટીંગ ફેડરેશન લિ.**
સહકાર ભવન, ૪૯, શ્રીમાળી સોસાયટી, નવરંગપુરા પોલીસ સ્ટેશન સામે, નવરંગપુરા, અમદાવાદ. ફોનઃ ૨૬૪૦૭૬૦૯ થી ૧૨




**ટચુકડી જાહેર ખબર**
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧
ફોન : ૨૩૨૩૭૫૭૧

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com